# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-04-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# Voter Awareness Programme- District

આણંદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદાન જાગૃતિ અંગે અસરકારક કામગીરી કરવામાં આવી રહી છે. અમારા આણંદના પ્રતિનિધિ પરેશ મકવાણા જણાવે છે કે આણંદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદારોને જાગૃત કરવા માટે કોમનવેલ્થ ગેમ્સના રજતચંદ્રક વિજેતા સુશ્રી લજ્જા ગોસ્વામી અને બોરસદ ખાતેના દિવ્યાંગ કક્ષાના પેરા એથલીટ ડિસ્ટ્રીક્ટ આઇકોન સમીમબેન વહોરાની ડિસ્ટ્રિક્ટ આઇકોન તરીકે નિમણૂંક કરવામાં આવી છે. તેમણે દરેક મતદાતાઓને ચૂંટણીમાં અચૂક મતદાન કરવાની અપીલ કરી હતી.

અમારા ગીર સોમનાથના પ્રતિનિધિ રાજેશ ભજગોતર જણાવે છે કે ગુજરાત અને કેન્દ્રશાસિત પ્રદેશ દીવ વચ્ચે આંતરરાજ્ય ચૂંટણી બેઠક યોજાઇ હતી. ગીરસોમનાથ જિલ્લા કલેક્ટર અને કેન્દ્રશાસિત પ્રદેશ દીવના કલેક્ટરે સરહદી વિસ્તારને જોડતી તડ ચેકપોસ્ટ અને માંડવી ચેકપોસ્ટ સહિતના સંવેદનશીલ વિસ્તારોની સ્થળ મુલાકાત લઇને સમીક્ષા કરી હતી.

અમારા અરવલ્લીના પ્રતિનિધિ અંકિત ચૌહાણના જણાવ્યા પ્રમાણે અરવલ્લીમાં જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા વધુમાં વધુ મતદાન થાય તે માટે સક્રિય પ્રયાસો હાથ ધરાયા છે. જિલ્લા ચૂંટણી અધિકારીના માર્ગદર્શન હેઠળ સ્વીપ નોડલ ઓફિસર દ્વારા જનજાગૃતિના કાર્યક્રમો યોજાયા છે.

.................

## NARMADA- CODE OF CONDUCT

નર્મદા જિલ્લામાં લોકસભાની ચૂંટણી અંતર્ગત આદર્શ આચારસંહિતાના પગલે જિલ્લાના 4 હજાર 655 વ્યક્તિઓ સામે અટકાયતી પગલાં લેવાયા છે. જ્યારે કુલ ૨૭૬ હથિયારો તેના પરવાનેદારો પાસેથી જમા લેવાયા છે.

જિલ્લા પોલીસ અધિક્ષક પ્રશાંત સુંબે એ જણાવ્યું હતું કે મતદારો કોઇ પણ ભય વિના પોતાના બંધારણીય અધિકારોનો ઉપયોગ કરી શકે એ માટે પોલીસ તંત્ર દ્વારા આગોતરા પગલાં લઇ સઘન સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. જિલ્લામાં ૬ ફ્લાઇંગ સ્ક્વોર્ડ, આંતરરાજ્ય સરહદે ૬ અને આંતર જિલ્લાની ૧૩ મળી કુલ ૧૯ ચેકપોસ્ટ કાર્યરત છે. જે શંકાસ્પદ આવાગમન ઉપર નજર રાખી રહી છે.

.................

# WEATHER

રાજ્યમાં ગરમીનો પ્રકોપ વધી રહ્યો છે. આગામી દિવસોમાં અનેક જિલ્લાઓમા હીટવેવની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે. હવામાન વિભાગ અનુસાર આગામી ત્રણ દિવસમાં કચ્છમાં ગંભીર હીટવેવની અસર વર્તાઈ શકે છે. અમદાવાદમાં તાપમાન 40 ડિગ્રીએ પહોંચવાની સંભાવના છે. ઉપરાંત સુરેન્દ્રનગર, રાજકોટ, કચ્છમાં 41 ડિગ્રી, જ્યારે કે ગાંધીનગરમાં 30 ડિગ્રીથી વધુ તાપમાન નોંધાઈ શકે છે.

દરમિયાન કેટલાક વિસ્તારોમાં ગરમીથી થોડી રાહત મળી શકે છે. હવામાન વિભાગે 13થી 15 એપ્રિલ દરમિયાન વલસાડ, નવસારી, સુરત, ગીર સોમનાથ, છોટાઉદેપુર, દાહોદ, નર્મદામાં હળવા વરસાદની સંભાવના વ્યક્ત કરી છે. ગીર સોમનાથમાં ખેતીવાડી વિભાગ દ્વારા ખેડૂતોને સંભવિત નુકસાનથી બચવા તકેદારીના પગલા લેવા કહેવાયું છે.

.................................

## SARDARSINH RANA-JANAMJAYANTI

આઝાદીની ચળવળમાં સિંહફાળો આપનાર શ્રી સરદારસિંહ રાણાની આજે જન્મજયંતિ છે. રાજ્ય વિધાનસભાના પોડિયમ ખાતે વિધાનસભાના સચિવ ડી.એમ.પટેલે શ્રી સરદારસિંહ રાણાના તૈલચિત્રને પુષપાંજલી અર્પણ કરી હતી. ક્રાંતિકારી, સ્વાતંત્ર્ય સૈનિક સરદારસિંહ રાણા શ્રી શ્યામજી કૃષ્ણ વર્માના પરિચયમાં આવતાં આઝાદીના રંગે રંગાયા હતા. તેઓએ વર્ષ-1907માં જર્મનીમાં યોજાયેલી આંતરરાષ્ટ્રીય સમાજવાદી પરિષદમાં હાજર રહીને મેડમ કામા સાથે સૂર્ય-ચંદ્રના નિશાનવાળો હિન્દનો પ્રથમ રાષ્ટ્રધ્વજ લહેરાવ્યો હતો. તેઓ સંપૂર્ણપણે દેશ પ્રેમની ભાવના ધરાવતા અને વિલાયતી દવાઓ કરતા નેચરોપેથીમાં વિશ્વાસ કરતા હતા. આ પ્રસંગે વિધાનસભાના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓએ ઉપસ્થિત રહીને રાજ્યની ભાવિ પેઢી માટે પ્રેરણારૂપ પૂજય સરદારસિંહ રાણાના તૈલચિત્રને પુષ્પાંજલિ આપી હતી.

--------------------

# MAHISAGAR-CHETI CHAND

રાજ્યભરમાં આજે સિંધી સમાજ દ્વારા ભગવાન ઝુલેલાલની જન્મજયંતિ ચેટીચંડ તથા નવા વર્ષની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. આ સાથે આજે સિંધી ભાષા દિવસ પણ ઉજવાઇ રહ્યો છે.

અમદાવાદ શહેરમાં આજે સાંજે ચેટીચાંદ નિમિત્તે સિંધી સમાજ દ્વારા શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

મહીસાગર જિલ્લાના લુણાવાડામાં વસતા સિંધી સમાજ દ્વારા ઇષ્ટદેવ ઝુલેલાલની જન્મજયંતી ચેટીચંદ તથા નુતનવર્ષની ધામધૂમપુર્વક ઉજવણી કરવામાં આવી હતી. ચેટીચંદના તહેવાર ઉજવણી માટે મોટી સંખ્યામાં એકત્ર થયેલા સિંધી સમાજના ભાઈ બહેનો દ્વારા ઘાંટી મંદિર ખાતે ઇષ્ટદેવ ઝુલેલાલની પૂજા અર્ચના કરવામાં આવી હતી. ઝુલેલાલ યુવક મંડળ મહિલા મંડળ અને વડીલો દ્વારા પ્રભાત ફરી અને બાઇક રેલી યોજાઇ હતી જેમાં સિંધી ભાઈ-બહેનોએ " આયો લાલ ઝૂલેલાલ" 'ઝૂલેલાલ બેડાપાર'ના નારા લગાવ્યા હતા.

અમારા અરવલ્લીના પ્રતિનિધિ અંકિત ચૌહાણ જણાવે છે કે મોડાસા શહેરમાં સિંધી સમાજ દ્વારા ભવ્ય શોભાયાત્રા યોજાઇ હતી. જેમાં સિંધી સમાજના આગેવાનો જોડાયા હતા.

.................

# IPL CRICKET

આઈપીએલ ક્રિકેટમાં આજે જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં રાજસ્થાન રોયલ્સનો મુકાબલો ગુજરાત ટાઇટન્સ સામે થશે. આ મેચ સાંજ 7.30 વાગ્યે શરૂ થશે. ગઈકાલે ચંદીગઢમાં રમાયેલી રોમાંચક મેચમાં સનરાઈઝર્સ હૈદરાબાદે પંજાબ કિંગ્સને બે રને હરાવ્યું. 183 રનના લક્ષ્યાંકની સામે પંજાબ કિંગ્સ 20 ઓવરમાં છ વિકેટે 180 રન જ બનાવી શકી હતી.

....................................

# ACCIDENT

તાપી જિલ્લાના સોનગઢના હિરાવાડી પાસે થયેલા અકસ્માતમાં એક મહિલા અને બાળકીનું મોત થયું છે, જ્યારે અન્ય ચાર લોકો ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયા છે.

અમારા તાપીના પ્રતિનિધિ નીરવ કંસારાના જણાવ્યા પ્રમાણે પગપાળ રસ્તે જતા વૃદ્ધાને બચાવવા જતા એક કાર ઝાડ સાથે અથડાતા આ અકસ્માત સર્જાયો હતો. ઇજાગ્રસ્તોને સોનગઢની હોસ્પિટલમાં ખસેડાયા છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

--------------------